# ટી-20 વર્લ્ડકપને રૂ. 2200 કરોડથી વધુના નુકસાનની સંભાવના

**રૂ. 2200** કરોડનું આ નુકસાન આઇસીસી દ્વારા પાસ ઓન કરવામાં આવતા તમામ હિસ્સેદારોને મોટું નુકસાન થવાની સંભાવના પાકિસ્તાનની વાર્ષિક આવક 35.5 મિલિયન ડોલર છે તેથી નુકસાનનો આ તફાવત તેના માટે ઘણો મોટો રહી શકે છે

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : કોઈપણ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ટુર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાતી મેચ એક અંદાજ મુજબ, લગભગ 250 મિલિયન ડોલર અર્થાત રૂ. 2200 કરોડથી વધુની આવક ઉત્પન્ન કરે છે અને તેથી, આગામી ટી-20 વર્લ્ડકપમાં આ મહત્વપૂર્ણ મેચનું આયોજન ન થવાથી તમામ હિસ્સેદારોને ભારે નાણાકીય નુકસાન થઈ શકે છે.

બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને કારણે, ભારત અને પાકિસ્તાન ફક્ત બહુ-ટીમ ટુર્નામેન્ટમાં જ એકબીજાનો સામનો કરે છે, પરંતુ આ મેચની આસપાસનો ઉત્સાહ એટલો તિવ્ર છે કે આઇસીસી દરેક વૈશ્વિક ઇવેન્ટમાં બંને ટીમોને એક જ ગ્રુપમાં રાખે છે. પાકિસ્તાન સરકારે 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી આ ખૂબ જ અપેક્ષિત મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. જો પાકિસ્તાન પોતાના નિર્ણય પર અડગ રહેશે, તો તેને લાખો ડોલરની આવક ગુમાવવાનું જોખમ છે. આઇસીસીના ખજાના અને પહેલાથી જ વિશ્વ ક્રિકેટ સંસ્થા સાથેના તેના 3 બિલિયનના કરાર પર ફરીથી વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહેલું ભારતીય મીડિયા રાઇટ્સ ધારક જીયોસ્ટારને જો આ મેચો યોજવામાં ન આવે તો નોંધપાત્ર નાણાકીય નુકસાનનો સામનો કરવો પડી શકે છે. વોકઓવરના કિસ્સામાં ભારતને પૂરા પોઇન્ટ મળશે, પરંતુ ICC પાસે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) પર નાણાકીય દંડ લાદવાનો અધિકાર રહેશે.

આઇસીસી અને પીસીબીના માજી કોમ્યુનિકેશન ચીફ, સામી-ઉલ-હસન બર્નીએ મેચના નાણાકીય પરિણામો સમજાવતા કહ્યું જ્યાં સુધી પ્રતિબંધ અથવા નુકસાનનો સવાલ છે, જેમ મેં કહ્યું તેમ, તમામ પાસાઓને સમવીને જોતા મેચનો ખર્ચ 250 મિલિયન છે. પાકિસ્તાનની વાર્ષિક આવક 35.5 મિલિયન ડોલર છે, તેથી તફાવત ખૂબ જ મોટો છે.

સિડની મોર્નિંગ હેરાલ્ડે, ગુપ્ત વાટાઘાટોથી પરિચિત ઉદ્યોગના સૂત્રોને ટાંકીને, મેચની કિંમત આશરે 250 મિલિયન ડોલર હોવાનો અંદાજ લગાવ્યો હતો. અખબારના જણાવ્યા અનુસાર, દરેક ભારત-પાકિસ્તાન મેચનું મૂલ્ય આ રકમની આસપાસ રાખવામાં આવે છે. આઇસીસી, પીસીબી અને બીસીસીઆઇ 2027 સુધી ભારત-પાકિસ્તાન મેચો માટે હાઇબ્રિડ મોડેલ પર સંમત થયા હોવાથી, પાકિસ્તાન બોર્ડ માટે આવા પસંદગીયુક્ત બહિષ્કારને વાજબી ઠેરવવાનું મુશ્કેલ બનશે.



### બ્રોડકાસ્ટર્સને 250 કરોડ રૂપિયા સુધીનું નુકસાન

જો ભારત અને પાકિસ્તાનની મેચ ન થાય તો, આઇસીસીના ખજાના અને ભારતીય મીડિયા રાઇટ્સ ધારક જીયોસ્ટારને ભારે નાણાકીય નુકસાનનો સામનો કરવો પડી શકે છે.આ મુખ્ય મેચમાંથી હોસ્ટ બ્રોડકાસ્ટરને જાહેરાત આવકમાં 200 થી 250 કરોડનું નુકસાન થઇ શકે છે. આ મેચ દરમિયાન 10-સેકન્ડના જાહેરાત સ્લોટનો ખર્ચ 40 લાખ સુધી થાય છે.

### કેટલાક મહત્વના જાણવા જેવા આંકડા

- ભારત-પાકિસ્તાન મેચની અંદાજિત આવક 250 મિલિયન ડોલર
- બ્રોડકાસ્ટર્સને નુકસાન ૨૦૦થી ૨૫૦ કરોડ રૂપિયા
- રમ્યા વિના ભારતને કેટલા પોઇન્ટ મળશે 2 પોઇન્ટ
- પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની વાર્ષિક આવક 35.5 મિલિયન ડોલર.

### પાકિસ્તાનના બહિષ્કાર છતાં ટીમ ઇન્ડિયા ICC પ્રોટોકોલનું પાલન કરીને શ્રીલંકા જશે

નવી દિલ્હી, તા. 02 : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામે ટી-20 વર્લ્ડકપ 2026 ગ્રુપ A મેચનો બહિષ્કાર કરવાના સરકારના નિર્ણયનું પાલન કરવાનું નક્કી કર્યું હોવા છતાં , ટીમ ઇન્ડિયા આઇસીસી પ્રોટોકોલનું પાલન કરીને શ્રીલંકા જશે, અને મેચ રેફરી દ્વારા ઔપચારિક રીતે રમત રદ કરવાની રાહ જોશે. અહેવાલ મુજબ , ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના સૂત્રોએ પુષ્ટિ આપી છે કે પીસીબીની જાહેરાતને ધ્યાનમાં લીધા વિના સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ટીમ સુનિશ્ચિત મેચ માટે કોલંબો જશે. ટીમ આઇસીસી દ્વારા નિર્ધારિત તમામ પ્રક્રિયાઓનું પાલન કરશે, જેમાં સમયપત્રક મુજબ તાલીમ અને આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપવાનો સમાવેશ થાય છે. એક સૂત્રએ કહ્યું હતું કે ટીમ ઇન્ડિયા શ્રીલંકા જશે અને પ્રોટોકોલનું પાલન કરીને સમયપત્રક મુજબ પ્રેક્ટિસ કરશે, પ્રેસ કોન્ફરન્સ કરશે, સમયસર સ્ટેડિયમ પહોંચશે અને મેચ રેફરી દ્વારા મેચ રદ કરવાની રાહ જોશે.

## PCB ભારત સામેની મેચના બહિષ્કારનો ઇમેલ ICCને નહીં કરે

**પીસીબી** આઇસીસીને સત્તાવાર ઇમેલ મોકલીને જાણ ન કરે ત્યાં સુધી આઇસીસી આગળની કાર્યવાહી કરી ન શકે

**પીસીબીના** ઇમેલ ડ્રામાથી ભારત સામેની મેચનો બહિષ્કાર એક નાટક માત્ર હોવાનો મળી રહેલો સંકેત

ઇસ્લામાબાદ, તા. 02 : પાકિસ્તાન અને તેની ટી-20 વર્લ્ડકપ યોજનાઓને લગતું નાટક સમાપ્ત થવાનું નામ નથી લઇ રહ્યું. રવિવારે, પાકિસ્તાન સરકારે તેના સત્તાવાર X હેન્ડલ પર જાહેરાત કરી કે તે ટી-20 વર્લ્ડકપ 2026 માં ભાગ લેશે પરંતુ 15 ફેબ્રુઆરીએ ભારત સામેની ગ્રુપ-સ્ટેજ મેચનો બહિષ્કાર કરશે, જો કે તેઓ આ અંગે કોઇ સત્તાવાર જાણ કરવાથી દૂર રહેવા માગતા હોવાનું જાહેર થયું છે.

સૂત્રોએ એવી પુષ્ટિ કરી છે કે પાકિસ્તાન ભારત સામે ટી-20 વર્લ્ડકપ મેચનો બહિષ્કાર કરવા સંબંધે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી)ને કોઇ ઔપચારિક ઇમેઇલ મોકલશે નહીં. આનો અર્થ એ છે કે બહિષ્કાર અંગેનું નાટક ચાલુ રહેશે. આઇસીસી હજુ પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) તરફથી ભારત સામેની મેચના બહીષ્કાર સંબંધે સત્તાવાર સંદેશાવ્યવહારની રાહ જોઇ રહી છે. આવા સંદેશાવ્યવહારની ગેરહાજરીનો અર્થ એ થશે કે આઇસીસીને પણ તેની આગામી કાર્યવાહી નક્કી કરતા પહેલા રાહ જોવી પડી શકે છે.

વિશ્વ સંસ્થાએ કડક શબ્દોમાં પોતાના એક નિવેદનમાં જણાવ્યું હતું કે જ્યારે આઇસીસી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) તરફથી સત્તાવાર સંદેશાવ્યવહારની રાહ જોઇ રહ્યું છે, ત્યારે પસંદગીયુક્ત ભાગીદારીની આ સ્થિતિ વૈશ્વિક રમતગમત ઇવેન્ટના મૂળભૂત સિદ્ધાંત સાથે મેળ ખાતી નથી જ્યાં બધી લાયક ટીમો સમાન શરતો પર સ્પર્ધા કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આઇસીસીને આશા છે કે PCB તેના પોતાના દેશમાં ક્રિકેટ માટે મહત્વપૂર્ણ અને લાંબા ગાળાની અસરો પર વિચાર કરશે કારણ કે આનાથી વૈશ્વિક ક્રિકેટ ઇકોસિસ્ટમ પર અસર થવાની સંભાવના છે, જેનો તે પોતે સભ્ય અને લાભાર્થી છે.

## ભારત સામેની મેચના બહિષ્કારથી પાકિસ્તાનને 'સસ્પેન્ડ' કરવાનું વિચારતું ICC

**કટોકટીના** ઉકેલ માટે પડદા પાછળની ચર્ચાઓ ચાલી રહી છે અને રાજદ્વારી ચેનલો ખોલવામાં આવી

**આઇસીસી** દ્વારા અંતિમ નિર્ણય કરવા માટે 48 કલાક બાકી, જો પ્રતિબંધ લદાશે તો પીસીબી એકલું પડી જશે

ટી-20 વર્લ્ડકપ 2026 હવે જાણે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) અને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) વચ્ચે સમરાંગણ બની ગયું છે, વૈશ્વિક સંસ્થા હવે એક બેઠકની તૈયારી કરી રહી છે જે વિશ્વ ક્રિકેટનો નકશો કાયમ માટે બદલી શકે છે. એક તરફ સમય પસાર થઇ રહ્યો છે ત્યારે સંચાલક મંડળ દ્વારા ચુકાદો આપવા માટે 48 કલાક બાકી રહ્યા છે અને જો તે આકરો નિર્ણય કરશે તો પીસીબી સાવ એકલું પડી જવાની સંભાવના છે.



સૂત્રોએ જણાવ્યું છે કે જય શાહની આગેવાની હેઠળની આઇસીસી 15 ફેબ્રુઆરીએ ભારત સામે ટી-20 વર્લ્ડકપ મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરનારા પાકિસ્તાન પર કડક પ્રતિબંધો લાદવાનું વિચારી રહી છે. રવિવારે પોતાના નિવેદનમાં, આઇસીસીએ પીસીબીને તેના વલણની સમીક્ષા કરવા વિનંતી કરીને કહ્યું હતું કે જો એમ નહીં થાય તો તેને ગંભીર પ્રતિબંધોનો સામનો કરવો પડશે. જો પાકિસ્તાન બોર્ડ આગામી 48 કલાકમાં આંખ મીંચીને પોતાના નિર્ણયમાં ફેરવિચારણા નહીં કરે તો તેના પર સસ્પેન્શન સહિતના કેટલાક આકરા પ્રતિબંધો લાગપ કરવામાં આવી શકે છે.

સૂત્રોએ એવી પણ પુષ્ટિ આપી છે કે ખાસ કરીને ટી-20 વર્લ્ડકપ એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં શરૂ થવાનો હોવાથી કટોકટીના ઉકેલ માટે પડદા પાછળની ચર્ચાઓ ચાલી રહી છે અને રાજદ્વારી ચેનલો ખોલવામાં આવી છે, જેમાં હિસ્સેદારો છેલ્લી ઘડીએ સુમેળ સાધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### સંભવિત પ્રતિબંધો

**સંપૂર્ણ સસ્પેન્શન :** 1970 ના દાયકાના દક્ષિણ આફ્રિકા યુગ જેવું જ, જેમાં પાકિસ્તાનને તમામ ઇન્ટરનેશનલ સ્પર્ધાઓથી બાકાત રાખવામાં આવી શકે અને દ્વિપક્ષિય સીરિઝ પણ નહીં રમાડાય.

**વિદેશી ખેલાડીઓના NOC ફ્રીઝ :** પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) માં રમવા માટે વિદેશી સ્ટાર્સને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવાનો ઇનકાર, જેના કારણે પાકિસ્તાનની પ્રીમિયર ડોમેસ્ટિક લીગને અસરકારક રીતે અપંગ બની શકે

**નાણાકીય રોક :** આઇસીસીની આવકમાંથી પાકિસ્તાનનો હિસ્સો સ્થગિત કરવો, જેનો અંદાજ વાર્ષિક આશરે 34.5 મિલિયન ડોલર છે.

## PCB ભારતના બહિષ્કાર અંગે સરકારના નિર્ણયને અનુસરશે : બોર્ડના સૂત્રો

**ભારત** સામેની મેચના બહિષ્કારના ડ્રામા વચ્ચે પાકિસ્તાની ટીમ ટી-20 વર્લ્ડકપ માટે કોલંબો રવાના

**નોકઆઉટ** તબક્કામાં ભારત સામે રમવાનું આવે તો તે સમયે સરકાર નિર્ણય કરશે તેનું પાલન થશે : પીસીબીના સૂત્રો



કરાચી, તા. 02 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારત સામે ટી-20 વર્લ્ડકપ મેચનો બહિષ્કાર કરવાના સરકારના નિર્ણય પર મૌન જાળવી રાખ્યું છે, પરંતુ ઉચ્ચ કક્ષાના સૂત્રોએ સ્વીકાર્યું છે કે તેમની પાસે સરકારના નિર્દેશોનું પાલન કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. આ બધા નાટક વચ્ચે, પાકિસ્તાની ટીમ સાતમી ફેબ્રુઆરીથી શરૂ થનારા વર્લ્ડકપ રમવા માટે કોલંબો રવાના થઈ ગઈ છે. સૂત્રએ સમજાવ્યું કે સરકાર દ્વારા બોર્ડને એ પણ જાણ કરવામાં આવી છે કે રાષ્ટ્રીય ટીમ 15 ફેબ્રુઆરીએ ભારત સામે રમશે નહીં અને વર્લ્ડકપમાં પોઇન્ટ્સ જતા કરશે. જ્યાં સુધી એવી સ્થિતિનો સવાલ છે કે જેમાં પાકિસ્તાને નોકઆઉટ સ્ટેજમાં ભારત સામે રમવું પડી શકે છે, તો બોર્ડ તે સમયે પણ સરકાર દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયનું પાલન કરશે. જો ભારત સામેની મેચ માટે બહિષ્કારનો નિર્ણય પાછો ખેંચવામાં ન આવે, તો પાકિસ્તાન સાતમી ફેબ્રુઆરીએ નેધરલેન્ડ સામે તેના અભિયાનની શરૂઆત કરવાનું છે, ત્યારબાદ 10 ફેબ્રુઆરીએ અમેરિકા અને 18 ફેબ્રુઆરીએ નામિબિયા સામે મેચો રમાશે.

પીસીબહીની નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે બોર્ડ આજે સોમવારે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ને તેની સરકારના નિર્ણય વિશે જાણ કરશે. સૂત્રએ કહ્યું જ્યાં સુધી પીસીબીનો સવાલ છે, છેલ્લા કેટલાક સમયથી એવી લાગણી વધી રહી છે કે આઇસીસી તાજેતરમાં અન્ય કેટલાક બોર્ડ ખાસ કરીને બાંગ્લાદેશસાથેના તેના વ્યવહારમાં ન્યાયી રહ્યું નથી, અને કોઈ એક બોર્ડને વિશ્વ ક્રિકેટ ચલાવવાની મંજૂરી આપી શકાય નહીં.

## ICC એ પાકિસ્તાન સામે કાર્યવાહી કરવી જોઈએ: ગાવસ્કર, ભજ્જી

**ગુજરાતમિત્રના** કોલમિસ્ટ સુનિલ ગાવસ્કરના મતે પાકિસ્તાન ભારત સામે ન રમવાના નિર્ણયમાં યુ ટર્ન લેશે

**પાકિસ્તાની** ખેલાડીઓ નિવૃત્તિ લીધા પછી ચાર દિવસ બાદ નિર્ણય ફેરવી તોળે તેવું જ આમાં થઇ શકે : ગાવસ્કર



નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : ભારતના માજી કેપ્ટન અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરે આગાહી કરી છે કે ભારત સામેની મેચ ન રમવાના નિર્ણયમાં પાકિસ્તાન યુ-ટર્ન લેશે પરંતુ સાથે જ એવું કહ્યું કે 15 ફેબ્રુઆરીએ ભારત સામે ટી-20 વર્લ્ડકપ મેચનો બહિષ્કાર કરવા બદલ આઇસીસીએ તેની સામે કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. પાકિસ્તાન સરકારે કોઈ સત્તાવાર કારણ આપ્યા વિના નિર્ણય લીધો છે કે તેની ટીમ કોલંબોમાં ભારત સામે મેચ નહીં રમે. ગાવસ્કરે કહ્યું હતું કે મને લાગે છે કે આગામી ચાર કે પાંચ દિવસમાં, વિશ્વભરમાંથી પ્રતિક્રિયાઓ આવવાનું શરૂ થશે, તેથી શક્ય છે કે પાકિસ્તાન પોતાનો નિર્ણય બદલી શકે છે. આમાં નવું શું છે? આપણે બધા જાણીએ છીએ કે પાકિસ્તાની ક્રિકેટરો નિવૃત્તિ લે છે અને પછી ચાર દિવસ પછી પોતાનો વિચાર બદલી નાખે છે. તેમણે કહ્યું, કે તેથી 15 ફેબ્રુઆરી પહેલા આવું કંઈક થઈ શકે છે. ગાવસ્કર અને હરભજન સિંહ બંનેએ કહ્યું કે જો ICC પાકિસ્તાન સામે કાર્યવાહી કરે તો તે યોગ્ય રહેશે. હરભજને પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે તેને પહેલા કોઈ સમસ્યા નહોતી, પરંતુ બાંગ્લાદેશ મુદ્દા પછી, તે તેમાં કૂદી પડ્યું. આ નિર્ણયના આઇસીસી પર પ્રત્યાઘાત પડી શકે છે, તેથી આઇસીસીને કાનૂની કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આનાથી સમગ્ર ટુર્નામેન્ટ પર અસર પડી શકે છે.

## અનાહતે વોશિંગ્ટનમાં પ્રથમ PSA બ્રોન્ઝ-લેવલ ટાઇટલ જીત્યું

**કેરિયરનું** સૌથી મોટું ટાઇટલ જીતનાર અનાહતની PSA ટૂર પર 26 ટૂર્નામેન્ટમાં એકંદર 15મી જીત



નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : ભારતીય કિશોર સનસનાટી અનાહત સિંઘે શાનદાર પ્રદર્શન કરી ટોચની ક્રમાંકિત અને વિશ્વની 10મા નંબરની ઇંગ્લેન્ડની જ્યોર્જીના કેનેડીને 12-10, 11-5, 11-7થી હરાવીને વોશિંગ્ટનમાં સ્ક્વોશ ઓન ફાયર ઓપન ખાતે પોતાનો પ્રથમ PSA બ્રોન્ઝ-લેવલ ટાઇટલ જીત્યું છે.

આ વિજય 15 વર્ષીય ખેલાડીની કેરિયરનું સૌથી મોટું ટાઇટલ છે અને પીએસએ ટૂર પર તેની 26 ટૂર્નામેન્ટમાં એકંદર 15મી જીત છે.

દિલ્હીની આ ખેલાડી હાલમાં વિશ્વમાં 31મા ક્રમે છે. સાતમી ક્રમાંકિત અનાહત, જે અગાઉની એકમાત્ર મુલાકાતમાં કેનેડી સામે હારી ગઈ હતી, તેણે ફાઇનલમાં અદભૂત સંયમ દર્શાવ્યો હતો. પ્રથમ ગેમમાં 8-10 થી પાછળ રહ્યા બાદ સતત ચાર પોઇન્ટ મેળવીને ગેમ જીતી લીધી હતી અને ત્યારપછી મેચ પર મજબૂત પકડ જમાવી હતી.

જીત બાદ અનાહતે કહ્યું કે હું અત્યંત ખુશ છું. મને ખબર હતી કે મારે આ ઇવેન્ટ્સમાં સારું પ્રદર્શન કરવું છે, મારા રેન્કિંગમાં સુધારો કરવો છે અને મજબૂત દેખાવ કરવો છે, અને મને આનંદ છે કે હું આ વખતે તેમ કરવામાં સફળ રહી.

## ઉઝબેકિસ્તાનના અબ્દુસત્તોરોવે ટાટા સ્ટીલ માસ્ટર્સ ટાઇટલ જીત્યું

વિજક આન ઝી, તા. 02 (પીટીઆઇ) : ઉઝબેકિસ્તાનના નોદિરબેક અબ્દુસત્તોરોવે સોમવારે અહીં આઉટ ઓફ ફોર્મ અર્જુન એરિગેસીને હરાવીને ટાટા સ્ટીલ માસ્ટર્સ જીત્યું જ્યારે વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ સંયુક્ત આઠમા સ્થાને રહીને ભારતીય પેકમાં ટોચ પર રહ્યો. ગુકેશે અંતિમ રાઉન્ડમાં જર્મનીના વિન્સેન્ટ કેમેર સાથે ડ્રો કર્યો અને ભારતીય ખેલાડીઓમાં 6.5 પોઇન્ટ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. જોકે, તેણે અપેક્ષા કરતાં વધુ ખરાબ પ્રદર્શન કર્યું, સ્પર્ધા દરમિયાન અડધો પોઇન્ટ મેળવ્યો અને 2750 રેટિંગ પોઇન્ટથી નીચે સરકી ગયો. આર પ્રજ્ઞાનંધાએ નેધરલેન્ડ્સના જોર્ડન વાન ફોરેસ્ટ સાથે પણ ડ્રો કરીને 5.5 પોઇન્ટ સાથે ટુર્નામેન્ટનો અંત કર્યો. જો આ પ્રદર્શન કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ પહેલા કંઈ પણ માનવામાં આવે છે, તો ભારતીય ખેલાડીએ સુધારો કરવાની જરૂર છે. રેટિંગની દૃષ્ટિએ એરિગેસીને સૌથી વધુ નુકસાન થયું કારણ કે તેણે 29 પોઇન્ટ ગુમાવ્યા અને વિશ્વ રેન્કિંગમાં ટોચના 10માંથી બહાર થઈ ગયો.

## ભારતમાં ફોર્મ્યુલા વન ફરી શરૂ કરવા માગતું રમત મંત્રાલય

**રમત** મંત્રાલયે રેસ ફરી શરૂ કરવા માટે ટ્રેક અધિકારીઓ સાથે વાટાઘાટો શરૂ કરી

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : રમતમંત્રાલય ભવિષ્યમાં બુદ્ધ ઇન્ટરનેશનલ સર્કિટ ખાતે ફોર્મ્યુલા વન ફરી શરૂ કરવા આતુર છે અને તેણે છેલ્લે 2013 માં ભારતમાં યોજાયેલી રેસ ફરી શરૂ કરવા માટે ટ્રેક અધિકારીઓ સાથે વાટાઘાટો શરૂ કરી છે. મંત્રાલયના એક સૂત્રએ જણાવ્યું હતું કે રમત મંત્રી મનસુખ માંડવિયાએ ગયા અઠવાડિયે ગ્રેટર નોઇડામાં ટ્રેકની મુલાકાત લીધી હતી. તેમણે ટ્રેકના માલિક, જેપી ગ્રુપ પાસેથી સંકુલનો કબજો લેનારા યમુના એક્સપ્રેસવે ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટીના અધિકારીઓ સાથે પણ વાત કરી હતી. અદાણી ગ્રુપ જેપી ગ્રુપને હસ્તગત કરવાની દોડમાં છે, અને જો આવું થાય, તો તે ભારતમાં રેસિંગને પાછું લાવવાના પ્રયાસોને વેગ આપી શકે છે. હવે જ્યારે રમત મંત્રાલયે પણ રસ દર્શાવ્યો છે, ત્યારે સંભાવનાઓ વધી ગઈ છે.

આ રેસ ભારતમાં 2011થી 2013 દરમિયાન યોજાઈ હતી અને ત્યારબાદ કર અને અમલદારશાહીના મુદ્દાઓને કારણે તેને ફોર્મ્યુલા વન કેલેન્ડરમાંથી દૂર કરવામાં આવી હતી.

## ભારત સામે ન રમવાનો નિર્ણય તે તેનો સામનો કરવાથી ડરતું હોવાનો મેસેજ દર્શાવશે : દાનિશ કનેરિયા

ભારત સામેની ટી-20 વર્લ્ડકપની મેચ ન રમવાના પાકિસ્તાનના નિર્ણય સંબંધે માજી પાકિસ્તાની સ્પિનર દાનિશ કનેરિયાએ અભિપ્રાય આપ્યો હતો કે ભારત સામે ટી-20 વર્લ્ડકપ મેચનો બહિષ્કાર કરવાનો પાકિસ્તાનનો નિર્ણય અન્ય કોઈ કરતાં તેમના પોતાના ક્રિકેટને વધુ નુકસાન પહોંચાડશે, તેમણે ઉમેર્યું હતું કે આ નિર્ણય નકારાત્મક સંદેશ દર્શાવે છે કે પાકિસ્તાન ભારતનો સામનો કરવાથી ડરે છે, જેના કારણે તેઓ રમવાનો ઇનકાર કરી રહ્યા છે. કનેરિયાએ કહ્યું હતું કે આ મેચનો બહિષ્કાર કરવાનો કોઈ તર્ક નથી. પાકિસ્તાન એવું વિચારે છે કે તે બાંગ્લાદેશને ટેકો આપી રહ્યું છે, જે પહેલાથી જ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે. પરંતુ તેમણે પોતાના ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને તેઓ તેને ક્યાં લઈ જઈ રહ્યા છે. આનાથી સંદેશ જશે કે લોકોને લાગશે કે પાકિસ્તાન ભારતનો સામનો કરવાથી ડરે છે, જેના કારણે તેઓ રમવાનો ઇનકાર કરી રહ્યા છે.

## ખેલાડીઓ સરકાર અને બોર્ડના નિર્ણયોનું પાલન કરશે : સલમાન અલી આગા

કરાચી, તા. 02 (પીટીઆઈ) : પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ આજે સોમવારે કહ્યું કે ખેલાડીઓ સરકાર અથવા ક્રિકેટ બોર્ડના કોઈપણ નિર્દેશનું પાલન કરશે, જેમાં 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામેની હાઈ-પ્રોફાઈલ ટી-20 વર્લ્ડકપ મેચનો બહિષ્કાર કરવાનો પણ સમાવેશ થાય છે.

લાહોરથી કોલંબો જતા પહેલા સલમાને મીડિયાને જણાવ્યું હતું કે રવિવારે ઓસ્ટ્રેલિયા સામેની મેચ પછી તરત જ ટીમ મેનેજર દ્વારા ટીમને આ નિર્ણયની જાણ કરવામાં આવી હતી.

અમે બોર્ડ સાથે કરારબદ્ધ ખેલાડીઓ છીએ અને સરકાર અને બોર્ડે જે પણ નિર્ણય લીધો છે, બધા ખેલાડીઓ તેની સાથે છે.

સલમાને સ્પષ્ટતા કરી કે ટીમ દરેક મેચમાં સારું પ્રદર્શન કરીને ટુર્નામેન્ટ જીતવાના ઈરાદા સાથે શ્રીલંકા જઈ રહી છે. અમારી પાસે હજુ ત્રણ ગ્રુપ મેચ બાકી છે અને અમે તે બધી જીતીને આગામી રાઉન્ડ માટે ક્વોલિફાય કરવાનો પ્રયાસ કરીશું.

## અનુસંધાન... પાના પહેલાનું

### ચાંદીમાં ત્રણ...

૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતા સોનાના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જે સોમવારે રૂ. ૧૨,૮૦૦ અથવા ૭.૭૩ ટકા ઘટીને રૂ. ૧,૫૨,૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (તમામ ટેક્સ સહિત) પર આવી ગયું હતું. અગાઉના સત્રમાં તે રૂ. ૧,૬૫,૫૦૦ પર બંધ રહ્યું હતું. છેલ્લા ત્રણ સત્રોમાં, રોકાણકારો દ્વારા નફો વસૂલવાને કારણે સોનું તેની ૨૯ જાન્યુઆરીની રૂ. ૧,૮૩,૦૦૦ની રેકોર્ડ સપાટીથી રૂ. ૩૦,૩૦૦ અથવા લગભગ ૧૭ ટકા જેટલું તૂટ્યું છે. સોના-ચાંદીના કડાકાની અસર દુનિયાભરના શેરબજારો પર પણ દેખાઈ હતી. બ્રિટનમાં, શરૂઆતના વેપારમાં બ્લુ-ચિપ FTSE 100 ઈન્ડેક્સ 0.4% જેટલો ઘટ્યો હતો. જેમાં ખાસ કરીને કિંમતી ધાતુઓની માઈનિંગ કંપનીઓ જેવી કે Endeavour Mining, Fresnillo અને Antofagastaમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, આ તમામ શેરો શરૂઆતમાં 5% થી વધુ તૂટ્યા હતા. આ સિવાય પેન-યુરોપિયન STOXX 600 ઈન્ડેક્સ પણ 0.4% ઘટ્યો હતો. એશિયાના જાપાન, ચીન, હોંગકોંગના બજારો પણ ઘટીને બંધ થયા હતા.

### પ્લેટિનમના ભાવમાં...

ઘટાડો થયો છે. ઓટોમોટિવ કેટાલિટીક કન્વર્ટરમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા પ્લેટિનમ અને પેલેડિયમે 2025માં નોંધપાત્ર વળતર મેળવ્યું હતું, જેમાં સ્પોટ પ્લેટિનમ વર્ષના અંતે 126% ના વધારા સાથે બંધ થયું હતું, જે ઓછામાં ઓછા 1987 પછીનો સૌથી મોટો વાર્ષિક વધારો હતો– જે સોનાની તેજી કરતા પણ બમણો હતો. પેલેડિયમ પણ મર્યાદિત પુરવઠો, ટેરિફની અનિશ્ચિતતાઓ અને સોનાના રોકાણની માંગમાં થયેલા ફેરફારને કારણે વર્ષના અંતે 81% ના જંગી ઉછાળા સાથે બંધ થયું હતું.

### એર ઈન્ડિયાની ફ્લાઈટમાં...

તેને ફેરવવામાં આવે તો તે તાત્કાલિક અસર કરે છે અને એન્જિન પાવરને કટ કરે છે. ડીજીસીએના નિર્દેશ બાદ એર ઈન્ડિયાએ તેના કાફલાના તમામ ડ્રીમલાઈનર વિમાનોની તપાસ કરી હતી, જેમાં અગાઉ કોઈ ખામી જણાઈ ન હતી. મુસાફરોની સુરક્ષાને સર્વોપરી રાખીને હાલ આ મામલે બોઈંગ સાથે મળીને ગહન તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### મમતા બેનર્જીએ...

થી પ્રભાવિત પરિવારોના 12 સભ્યો પણ હાજર રહ્યા હતા. બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા મમતા બેનર્જીએ ચૂંટણી પંચને ભાજપના 'દલાલ' ગણાવ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે અનેક લોકોના મૃત્યુ માટે પંચ જવાબદાર છે. તેમણે કહ્યું, 'અમે ન્યાય માટે આવ્યા હતા પણ અમને અપમાનિત કરવામાં આવ્યા. સીઈસી જમીનદાર જેવું વર્તન કરે છે.'

ચૂંટણી પંચના અધિકારીઓએ દાવો કર્યો હતો કે પક્ષના નેતાઓને શાંતિથી સાંભળવામાં આવ્યા હતા, પરંતુ જ્યારે કમિશનરે જવાબ આપવાનું શરૂ કર્યું ત્યારે મમતા બેનર્જી ઉશ્કેરાઈ ગયા હતા અને જવાબ સાંભળ્યા વગર જ બહાર નીકળી ગયાં હતાં. સીઈસી જ્ઞાનેશ કુમારે બેઠક દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે 'કાયદાનું શાસન' સર્વોપરી રહેશે અને કાયદો હાથમાં લેનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે એવો પણ વળતો પ્રહાર કર્યો હતો કે ટીએમસીના ધારાસભ્યો પંચ અને સીઈસી વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે અને મતદાતા નોંધણી અધિકારીઓની ઓફિસોમાં તોડફોડ કરી રહ્યા છે. પક્ષના સૂત્રો અનુસાર, એસઆઈઆર પ્રક્રિયામાં જેમને ખોટી રીતે મૃત જાહેર કરાયા છે અથવા જેમના સ્વજનોના આ પ્રક્રિયા દરમિયાન કથિત મૃત્યુ થયા છે તેવા અંદાજે 100 લોકોને ટીએમસી દિલ્હી લાવી હતી. હાલમાં ટીએમસીએ આ એસઆઈઆર પ્રક્રિયાને રદ કરવાની માગ સાથે સુપ્રીમ કોર્ટના દ્વાર પણ ખખડાવ્યા છે.

### બલુચિસ્તાનમાં મહિલા...

હતું, જેમાં અત્યાર સુધીમાં 140થી વધુ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હોવાનું બલૂચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ રવિવારે જણાવ્યું હતું.

### રાહુલ ગાંધીના...

ચમકાવવા માટે હજારો એકર જમીન સમર્પિત કરી દીધી હતી. જ્યારે ગાંધીએ પોતાની વાત ચાલુ રાખી, ત્યારે સ્પીકરે તેમને પુસ્તક ટાંકવા સામે વારંવાર ચેતવણી આપી. ત્યારબાદ સિંહે ઊભા થઈને પૂછ્યું કે જો આરોપ મુજબ પુસ્તક પ્રકાશિત કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી, તો નરવણે તેની સામે કોર્ટમાં કેમ ન ગયા? સંરક્ષણ મંત્રીએ ગાંધી પર ગૃહને ગેરમાર્ગે દોરવાનો પણ આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસ અને તેના નેતાઓએ આ અવતરણો સોશ્યલ મીડિયા પર પણ શેર કરવાનું શરૂ કર્યું હતું. પત્રકારો સાથે વાતચીત કરતા બાદમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે આ અવતરણોમાં મોદી અને રાજનાથસિંહનો સ્પષ્ટ ઉલ્લેખ છે તેથી સરકાર મને ગૃહમાં તે ટાંકવા દેતી નથી કારણ કે આનાથી આ બંને નેતાઓ ઉઘાડા પડી જાય તેવો ભય છે.

### લોકસભામાં શું બન્યું?...

કહ્યું કે તેઓ ક્યારેય આ ખાસ મુદ્દા પર બોલવા માંગતા ન હતા, પરંતુ ભાજપના સૂર્યાએ કોંગ્રેસ પક્ષની દેશભક્તિ પર સવાલ ઉઠાવ્યા બાદ તેમણે તેમ કરવાનો નિર્ણય લીધો હતો.

રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે પુસ્તક પ્રકાશિત થયું નથી. ત્યારબાદ ગાંધીએ કહ્યું કે તેઓ પોતાના મંતવ્યો રજૂ કરવા માટે એક મેગેઝિનના લેખમાંથી ટાંકી રહ્યા છે. બિરલાએ ફરીથી તેની મંજૂરી આપી ન હતી અને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સ્પીકરના આદેશનું પાલન કરવા જણાવ્યું હતું. રિજિજુએ કહ્યું કે જો વિરોધ પક્ષના નેતા વારંવાર સ્પીકરના આદેશની અવગણના કરે અને નિયમોનું ઉલ્લંઘન કરે, તો ગૃહમાં ચર્ચા કરવી પડશે કે આવા સભ્ય સામે શું પગલાં લેવા જોઈએ. મંત્રીએ કહ્યું કે ગાંધી ગૃહના નિયમોનું પાલન ન કરીને યુવા સાંસદો માટે ખોટું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. ભારે ધમાલ વચ્ચે ગૃહ મોકૂફ રહ્યા બાદ ચાર વાગ્યે ફરીથી મળ્યું ત્યારે રાહુલે કહ્યું કે હું દેશની સુરક્ષાના હિતમાં આ મુદ્દો ઉઠાવી રહ્યો છું. અન્ય વિપક્ષોએ પણ રાહુલને ટેકો આપ્યો હતો. ધાંધલ ધમાલ ચાલુ રહ્યા બાદ ગૃહને દિવસભર માટે મોકૂફ રાખવામાં આવ્યું હતું.

### દિલ્હી ડાયરી...

આ કોઈ નાની સિદ્ધિ નથી.

**ગિગ વર્કર્સના હક માટે સંગઠિત પ્રયાસો**

આમ આદમી પાર્ટી (આપ)ના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ ગિગ વર્કર્સને સમર્થન આપ્યા બાદ રાષ્ટ્રીય રાજધાનીના 'ક્વિક કોમર્સ' (ઝડપી ડિલિવરી) ક્ષેત્રમાં કામ કરતા કામદારોની દુર્દશા પર એક મિની-ડોક્યુમેન્ટરી રજૂ કરી છે. ચઢ્ઢા, જેમણે ગયા મહિને ગિગ વર્કર્સ દ્વારા ન્યાય, ગૌરવ અને સુરક્ષાની માગણી સાથે કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.